JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine Aluminium Roofing Sheets | TATA SHAKTEE | TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા





માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ આઠમ, શુક્રવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૨૯

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# દોસ્તનો દગો: ટ્રમ્પે ભારતનાં અર્થતંત્રને 'મૃત' ગણાવ્યું

## ટ્રમ્પે પાકિસ્તાન સાથે તેના જંગી તેલ ભંડારો વિકસીત કરવા વેપાર કરારની જાહેરાત કરી

**કયા** તેલ ભંડારો વિશે ટ્રમ્પ વાત કરે છે તે તરત સ્પષ્ટ થયું નહીં

**અમેરિકી** પ્રમુખે એમ પણ કહ્યું કે એક દિવસ પાકિસ્તાન ભારતને પણ ઓઇલ વેચશે!

**નવી દિલ્હી, ઈસ્લામાબાદ, તા. 31 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સાથે એક વેપાર કરાર થયો હોવાની જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે વૉશિંગ્ટન ઈસ્લામાબાદ સાથે મળીને પાકિસ્તાનના તેલ ભંડારો વિકસીત કરવા કાર્ય કરશે, જે તેલ ભંડારોને તેમણે દક્ષિણ એશિયાના જંગી તેલ અનામત ભંડારો ગણાવ્યા હતા.

એ તરત સ્પષ્ટ થઈ શક્યું નથી કે ટ્રમ્પ પાકિસ્તાનના કયા જંગી તેલ ભંડારો વિશે વાત કરી રહ્યા છે. એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં અમેરિકી પ્રમુખે એ બાબતે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે શું પાકિસ્તાન કોઈક દિવસે ભારતને પણ ઓઈલ વેચી શકશે. અમે પાકિસ્તાન સાથે હાલમાં જ એક કરાર કર્યો છે, જેમાં પાકિસ્તાન અને અમેરિકા તેમના વિશાળ તેલ ભંડાર વિકસાવવા માટે સાથે મળીને કામ કરશે એમ ટ્રમ્પે બુધવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું હતું. અમે આ ભાગીદારીનું નેતૃત્વ લેવા માટે એક તેલ કંપની પસંદ કરવાની પ્રક્રિયામાં છીએ. કોણ જાણે છે, કદાચ તેઓ કોઈ દિવસ ભારતને તેલ વેચશે! એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાન લાંબા સમયથી દાવો કરે છે કે તેના દરિયાકાંઠે મોટા તેલ ભંડાર છે, પરંતુ તે ભંડારોનો ઉપયોગ કરવાની દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. તે આ ભંડારોનો ઉપયોગ કરવા માટે રોકાણોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ દેશ હાલમાં તેની ઉર્જા માંગને પહોંચી વળવા માટે મધ્ય પૂર્વમાંથી તેલ આયાત કરે છે. પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે ગુરુવારે સોશિયલ મીડિયા પર આ ઐતિહાસિક વેપાર કરાર બદલ ટ્રમ્પનો આભાર માન્યો અને આશા વ્યક્ત કરી કે તે બંને પક્ષો વચ્ચે સહયોગ વધારશે. હું પ્રમુખ ટ્રમ્પ @realDonaldTrumpનો ઐતિહાસિક યુએસ-પાકિસ્તાન વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં તેમની નેતૃત્વની ભૂમિકા બદલ ખૂબ ખૂબ આભાર માનું છું, જે ગઈકાલે રાત્રે વૉશિંગ્ટનમાં અમારા બંને પક્ષો દ્વારા

...અનુસંધાન પાના 15 પર ➲

**૨૫** ટકા ટેરિફ અને દંડ લાદ્યા બાદ અમેરિકી પ્રમુખે ભારતની ફરી આકરી ટીકા કરી

**ભારત** અને રશિયા તેમના મૃત અર્થતંત્રોને એકસાથે નીચે પાડી શકે છે, મારે શું

**ભારત** રશિયા સાથે શું કરે છે એની મને પરવા નથી: ટ્રમ્પ

**વેપાર** કરાર માટે અમેરિકી ટીમ ૨૫ ઓગસ્ટથી ભારત જઇ રહી હોવાનું પણ જણાવ્યું

**વૉશિંગ્ટન, ૩૧ (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને રશિયા પર તેમના ગાઢ સંબંધો માટે આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે બંને દેશો તેમની મૃત અર્થવ્યવસ્થાઓને એકસાથે ડૂબાડી શકે છે. મારે શું?

ભારત સામે ૨૫ ટકા ટેરિફ અને રશિયા સાથેના વેપાર માટે દંડ જાહેર કર્યાના કલાકો પછી અમેરિકન પ્રમુખની નવી ટીકા આવી. મને કોઈ પરવા નથી કે ભારત રશિયા સાથે શું કરે છે. તેઓ તેમની મૃત અર્થવ્યવસ્થાઓને એકસાથે નીચે ઉતારી શકે છે. એમ તેમણે કહ્યું. અમે ભારત સાથે ખૂબ જ ઓછો ધંધો કર્યો છે, તેમના ટેરિફ ખૂબ ઊંચા છે, જે વિશ્વમાં સૌથી વધુ છે એમ તેમણે વધુમાં કહ્યું હતું.

ટ્રમ્પે બુધવારે ૧ ઓગસ્ટથી ભારતમાંથી આવતા તમામ માલ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, ઉપરાંત રશિયન ક્રૂડ તેલ અને લશ્કરી સાધનો ખરીદવા માટે અનિશ્ચિત દંડ પણ લાદવાની જાહેરાત કરી હતી. ભારતીય અધિકારીઓએ કહ્યું હતું કે એક અમેરિકી વેપાર ટીમ ૨૫ ઓગસ્ટથી વેપાર સોદા માટે વાટાઘાટો કરવા માટે આવશે તેના એક દિવસ પછી આ આશ્ચર્યજનક જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતને અમેરિકા

...અનુસંધાન પાના 15 પર ➲


લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી તેમના સાંસદ બહેન પ્રિયંકા ગાંધી વાડરા સાથે સંસદ ભવનના પરિસરમાં ચોમાસુ સત્ર દરમ્યાન જોઇ શકાય છે.

## દિલ્હી ડાયરી



### નીતિ આયોગના સભ્યને નવું કાર્યાલય ફાળવાયું

ભૂતપૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબા, જેમને તાજેતરમાં નીતિ આયોગના પૂર્ણ-સમયના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, તેઓ તેમના નવા કાર્યાલયમાં સ્થાયી થવાની પ્રક્રિયામાં છે. તેમના માટે થિંક-ટેન્કના સંસદ માર્ગ કાર્યાલયમાં એક આલીશાન કાર્યાલય તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં તેઓ ગમે ત્યારે સ્થળાંતર કરી શકે છે. એવું જાણવા મળ્યું છે કે, ગૌબાને સંસદ ભવન નજીક સ્થિત નીતિ આયોગના મુખ્યાલયના બીજા માળે રૂમ નંબર ૨૪૧ ફાળવવામાં આવ્યો છે, જે ઘણા દિવસોથી નવીનીકરણ હેઠળ છે. તેઓ આ માળે બેસનારા એકમાત્ર નીતિ આયોગ સભ્ય હશે. કારણ કે, ઉપાધ્યક્ષ અને તેના અન્ય સભ્યો ઇમારતના પહેલા માળે કાર્યાલયમાં કાર્યરત છે. ગૌબા હાલમાં પાંચમા માળે સ્થિત કાર્યાલયની જગ્યામાંથી કામ કરે છે. સ્વાભાવિક રીતે, તેમની પાસે યોગ્ય કાર્યાલય જગ્યા હોવી જરૂરી છે. કારણ કે, તેઓ દેશના ટોચના અમલદાર તરીકે નિવૃત્ત થયા છે. તે પહેલાં તેઓ કેન્દ્રીય ગૃહ સચિવ પણ હતા.

### ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામના અંગત કાગળો રાષ્ટ્રીય આર્કાઇવ્ઝને દાનમાં અપાયા

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામના આધાર કાર્ડ અને પાસપોર્ટ તેમના અંગત કાગળોથી ભરેલા ટ્રકમાં સામેલ છે જે તેમના પરિવારે તાજેતરમાં રાષ્ટ્રીય આર્કાઇવ્ઝને દાનમાં આપ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે ડો. કલામના પરિવારના સભ્યો તમિલનાડુથી દિલ્હી આવ્યા હતા, જેથી તેઓ ભૂતપૂર્વ

...અનુસંધાન પાના 8 પર ➲

## ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું અટકાવ્યું

**સરકારી** રિફાઇનર કંપનીઓએ ગયા સપ્તાહથી રશિયન ઓઇલ મંગાવવાનું બંધ કરી દીધું

**ડિસ્કાઉન્ટ** ઘટી જતા આયાત બંધ કરાઇ, ટ્રમ્પની ધમકીની પણ અસર હોવાની શક્યતા

**જો કે** આ અંગે સત્તાવાર રીતે કશું કહેવાયું નથી

**નવી દિલ્હી, તા. ૩૦:** ભારતીય સરકારી રિફાઈનર કંપનીઓએ ગયા સપ્તાહે રશિયન ઓઈલ ખરીદવાનું બંધ કર્યું છે કારણ કે આ મહિને ખરીદી પર મળતા ડિસ્કાઉન્ટ ઘટી ગયા છે અને અમેરિકી પ્રમુખ ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખીરદવા સામે ભારતને ચેતવણી આપી છે એમ આ ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું.

ભારત એ વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ આયાતકાર છે અને તે હાલમાં સૌથી વધુ ક્રૂડ રશિયા પાસેથી ખરીદતું હતું. યુક્રેન યુદ્ધને પગલે પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધો લાદતા તેણે પોતાનું ક્રૂડ ઓઈલ સસ્તા ભાવે વેચવાનું શરૂ કરતા ભારતે મોટા પાયે રશિયન ઓઈલની આયાત શરૂ કરી હતી. ભારતની સરકારી ઓઈલ રિફાઈનર કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, ભારત પેટ્રોલિયમ અને

...અનુસંધાન પાના 15 પર ➲

## રાહુલે ટ્રમ્પના સૂરમાં સૂર પુરાવ્યો

**વડા** પ્રધાન અને નાણામંત્રી સિવાય બધા જ જાણે છે કે ભારતીય અર્થવ્યવસ્થા મરી ચૂકી છે: રાહુલ ગાંધી

**ટ્રમ્પના** નિવેદનનો પડઘો પાડવા બદલ ભાજપે રાહુલની આકરી ટીકા કરી, ભારત વિરોધી માનસિકતાનો આક્ષેપ

**નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ):** કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારમણ સિવાય બધા જાણે છે કે, ભારતીય અર્થવ્યવસ્થા મરી ચૂકી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, ભાજપની આગેવાની હેઠળની સરકારે દેશની આર્થિક, સંરક્ષણ અને વિદેશ નીતિઓને બરબાદ કરી નાખી છે. આની સામે ભાજપે આકરી પ્રતિક્રિયા આપી હતી.

સંસદ ભવન પરિસરમાં પત્રકારો સાથે વાત કરતાં લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે, અમેરિકા સાથે એક વેપાર સોદો થશે અને ટ્રમ્પ તેને વ્યાખ્યાયિત કરશે, જ્યારે વડા પ્રધાન મોદી એ જ કરશે જે અમેરિકન પ્રમુખ કહેશે. રાહુલ ગાંધીની આ ટિપ્પણી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર 25 ટકા ટેરિફ અને દંડ લાદવાની જાહેરાત બાદ આવી છે, આ જાહેરતા પછીના નિવેદનમાં ટ્રમ્પે ભારત અને રશિયાના અર્થતંત્રોને 'મૃત અર્થતંત્ર' ગણાવ્યા હતા. ટ્રમ્પ દ્વારા ભારતીય અર્થતંત્રને 'મૃત' કહેવા અંગે પૂછવામાં આવતાં ગાંધીએ કહ્યું, ''તેઓ સાચા છે, વડા પ્રધાન અને નાણામંત્રી સિવાય બધા આ જાણે છે. દરેક વ્યક્તિ જાણે છે કે ભારતીય અર્થતંત્ર મૃત અર્થતંત્ર છે. મને ખુશી છે કે ટ્રમ્પે એક હકીકત કહી છે.'' ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપે અબજોપતિ ગૌતમ અદાણીને મદદ કરવા માટે ભારતીય અર્થતંત્રનો નાશ કર્યો છે.

ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે રાહુલના નિવેદન સામે આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે વિદેશમાંથી કોઈ પણ ભારત વિરોધી નિવેદન થાય કે રાહુલ તેને પકડી લે છે. ઠાકુરે રાહુલના નિવેદનને દેશના લોકોની આકાંક્ષાઓ, સિદ્ધિઓ અને ક્ષેમકુશળનું શરમજનક અપમાન ગણાવ્યું હતું. શાસક પક્ષે કોંગ્રેસના નેતાને એમ પણ પૂછ્યું કે તેઓ દેશને નીચો દેખાડતા વિદેશી પ્રચારનું

...અનુસંધાન પાના 15 પર ➲

## ટ્રમ્પના ટેરિફની ભારતને ચિંતા નથી, વળતા પગલા ભરશે નહીં

**વાણિજ્ય** મંત્રી પિયુષ ગોયલે સંસદના બંને ગૃહોમાં નિવેદન કરીને કહ્યું કે ભારત તેના રાષ્ટ્રીય હિતના રક્ષણ માટે તમામ પગલા લેશે

**નવી દિલ્હી, તા. ૩૧:** અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ભારત પર રશિયા સાથે વેપાર કરવા બદલ ૨૫ ટકા ટેરિફ અને દંડ લાદયા તે બાબતને હળવાશથી લેતા સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે ભારતને આ ટેરિફ અંગે ચિંતા નથી અને તે આનો વળતો જવાબ આપશે નહીં. તે સાથે જ તે અમેરિકા સાથે આ બાબતની ચર્ચા મંત્રણાના મેજ પર કરવા તૈયાર છે.

જ્યારે કેટલાક નિષ્ણાતોએ અમેરિકાના પગલા અંગે ચિંતા વ્યક્ત કરી છે અને તે ભારતીય અર્થતંત્રના કેટલાક મહત્વના ક્ષેત્રો પર વિપરીત અસર કરી શકે તેવી શંકા વ્યક્ત કરી છે ત્યારે સરકાર તેનાથી બહુ ગભરાયેલી જણાતી નથી. જ્યારે આપણે અણુ પરીક્ષણો કર્યા ત્યારે પણ ઘણા પ્રતિબંધો આપણા પર લાદવામાં આવ્યા હતા. ત્યારે તો ભારતનું અર્થતંત્ર નાનુ હતું. આજે તો આપણે આત્મ નિર્ભર આર્થિક સત્તા છીએ. શા માટે આપણે ચિંતા કરવી જોઈએ એમ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું.

બીજી બાજુ વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે આ ટેરિફ બાબતે સંસદના બંને ગૃહોમાં નિવેદન કર્યું

...અનુસંધાન પાના 15 પર ➲

## માલેગાંવ વિસ્ફોટ કેસ: સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ ૭ આરોપીઓ નિર્દોષ

**મહારાષ્ટ્રના** માલેગાંગમાં એક મસ્જિદ પાસે ૧૭ વર્ષ પહેલા થયેલા વિસ્ફોટમાં છનાં મોત થયા હતા અને ૧૦૧ને ઇજા થઇ હતી

**ભાજપના** ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુર અને લેફ. કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપીઓ હતા

**સ્પેશ્યલ** એનઆઇએ કોર્ટે તમામને નિર્દોષ છોડતા કહ્યું કે આરોપીઓ સામે વિશ્વાસપાત્ર પુરાવા નથી, પ્રજ્ઞા ઠાકુરે આને ભગવા રંગનો વિજય ગણાવ્યો

**મહારાષ્ટ્ર** સરકાર આ ચુકાદાને ઉપલી કોર્ટમાં પડકારે તેવા હજી કોઇ સંકેતો નહીં, જો કે કેટલાક પીડિતો સુપ્રીમ કોર્ટમાં જાય તેવી વકી



### ભાજપે કહ્યું કોંગ્રેસની ત્રાસવાદની થિયરી ખોટી પડી: મહારાષ્ટ્ર સરકાર આ ચુકાદાને પડકારે તેવી AIMIMની માગ

કોર્ટના ચુકાદાનું સ્વાગત કરતા ભાજપે કહ્યું કે કોંગ્રેસે સત્તામાં હતા ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઉદયને રોકવા માટે હિન્દુ આતંકવાદનો સિદ્ધાંત ઘડ્યો હતો જેથી તેમના મુસ્લિમ મતદારોને ખુશ કરી શકાય. કોર્ટના ચુકાદા પર પ્રતિક્રિયા આપતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આતંકવાદ ક્યારેય ભગવો નહોતો અને ક્યારેય રહેશે પણ નહીં. AIMIMના નેતા ઇમ્તિયાઝ જલીલે માંગ કરી કે રાજ્ય સરકાર આ ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારે. આ મુદ્દે હજુ સુધી કોઈ સરકારી પદાધિકારી તરફથી કોઈ શબ્દ આવ્યો નથી. શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ કહ્યું કે કોર્ટનો ચુકાદો કોંગ્રેસના મોઢા પર થપ્પડ છે, અને તેમણે પાર્ટી પાસેથી તેના ભગવો આતંકવાદના કથન માટે માફી માંગવાની માંગ કરી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે કહ્યું કે આતંકવાદને કોઈપણ ધર્મ સાથે જોડવો જોઈએ નહીં અને કોઈ પણ ધર્મ હિંસાને પ્રોત્સાહન આપતો નથી.

**મુંબઈ, તા. 31 (PTI):** ઉત્તર મહારાષ્ટ્રના માલેગાંવ ટાઉનમાં થયેલા વિસ્ફોટમાં છ લોકોનાં જીવ ગયા તેના ૧૭ વર્ષ પછી મુંબઈની એક ખાસ અદાલતે આજે આ કેસના તમામ સાત આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતા જેમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટેનન્ટ કર્નલ પ્રસાદ

...અનુસંધાન પાના 15 પર ➲

### તા. ૩૧-૦૭-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૫૬૩.0 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૧.૪ સે. | ૨૬.૪ સે. | ૭૦% |

આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ® ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને) સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.

"ઘુંટણ તથા કમરના મણકાના ઘસારા તથા શરીરના અન્ય સાંધાઓના સખત દુ:ખાવા, સોજા તથા જકડાહટ ને લીધે અમારી જીંદગી બેહાલ હતી. ટેબની શુધ્ધ આયુર્વેદીક, મૂળગામી અને આડઅસર રહિત સારવાર કર્યા પછી અમોને અમારી ખુશહાલ જીંદગી પાછી મળી છે. આભાર ટેબ કિલનીક્સનો"

આ શબ્દો છે ટેબ કિલનીક્સ, સુરત ખાતે સંપુર્ણ સારા થએલા ૬૪ વર્ષીય શ્રીમતિ રેખાબેન રાઠોડ ના. વ્યવસાય- ગૃહિણી
સરનામું - ૩૨૫, માન સરોવર સોસાયટી, તળાવપાસે, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦



" છેલ્લા એક-દોઢ વર્ષોથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબજ દુ:ખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. થોડું પણ ચાલવાનું કે સીડી ચડવા-ઉતરવાનું મુશ્કેલ હોવાથી રોજીંદું કામકાજ પણ કરી શકતી ન હતી. દુ:ખાવાના લીધે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી, આથી જીંદગી પ્રત્યેનો મારો રસ- રૂચિ ઓછા થવા લાગ્યા હતા. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ટેબ કિલનીક્સની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો ઓછી થવા લાગી આથી હું ધીરે-ધીરે ઘરનું દરેક કામ કરવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપુર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું, ઉભડક પગે તેમજ પલાંઠી વાળીને બેસી શકુ છું. ચાલવા તથા ઉભા રહીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ કિલનિકનો જેટલો આભાર માનું એટલો ઓછો છે." દર્દી ની સહી

આ શબ્દો છે ટેબ કિલનીક્સ, સુરત ખાતે સંપુર્ણ સારા થએલા ૬૫ વર્ષીય શ્રીમતિ નયનાબેન પટેલ ના. વ્યવસાય - ગૃહિણી ,
સરનામું - ગામ-સાંધિયેર, તા. ઓલપાડ, જી. સુરત-૩૯૪૧૩૦



"૨૦૨૩માં ટેબમાં સારવાર કરાવવા આવી તે પહેલા બે વર્ષથી મને કમર તથા ડાબા ઘુંટણમાં સખત દુ:ખાવો, સોજો તથા જકડાહટ રહેતા હતા. ધીરે-ધીરે જમણાં ઘુંટણમાં પણ દુ:ખાવો ચાલુ થઈ ગયો. બંને હાથની કોણી તથા આંગળાઓમાં પણ દુ:ખાવો થવા લાગ્યો. બંને પગની નસો સખત ખેંચાતી હતી અને પગમાં આખો દિવસ ઝણઝણાટી રહેતી હતી. જમીન પર કે પલાઠી વાળીને બેસી શકાતું ન હતું. ઉભડક બેસી શકાતું ન હતું. જમીન પર તો ઠીક, ખુરશી પર બેસીને ઉઠવામાં પણ ખુબ જ મુશ્કેલી પડતી હતી. ખોડું ચલાતું હોવાથી થોડું પણ ચાલતાં દુ:ખાવો ખુબ જ વધી જતો હતો ઉભા રહીને કામ કરી શકાતું ન હતું. સમાચાર પત્રમાં જાહેરાત વાંચીને ટેબમાં આવી. ટેબના ડોકટરે મારી તકલીફ જાણ્યા પછી મને તપાસીને મારી દવા ચાલુ કરી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરી નિયત સમયમાં હું સંપૂર્ણ સારી થઈ ગઈ. હવે હું જમીન પર પલાંઠી વાળીને લાંબો સમય આરામથી બેસી શકુ છું. બે-અઢી કી.મી. જેટલું ચાલી શકું છું. દુ:ખાવા વગર દાદરા ચડી-ઉતરી શકાય છે. ઉભડક બેસી શકાય છે. ઉભા રહીને કામ કરવામાં કોઈ તકલીફ પડતી નથી. વજન ઉંચકવાથી કોણીમાં દુ:ખાવો થતો હતો તે હવે સંપૂર્ણ બંધ થઈ ગયો છે. પહેલા મને બહાર કે બહારગામ જવાનું બિલકુલ ગમતું ન હતું. પણ હવે ઉત્સાહપૂર્વક બધે જવાનું મન થાય છે. સારવાર દરમિયાન મને ટેબના ડોકટર્સ તથા સ્ટાફ તરફથી મળેલ સમયોચિત સલાહસુચન માટે હું હંમેશા માટે ટેબ કિલનિકની આભારી છું." દર્દી ની સહી

✓ ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્‌ભુત મિશ્રણ છે.
✓ ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે, તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
✓ ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતું પોતાની જ ગ્રૃપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપૂર્ણ ઉપચાર કરે છે.
✓ ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
✓ શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક વેદનાશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.